* H U - 1 6 0 1 0 1 0 2 0 1 0 2 0 4 0 2 *

Seat No. _______________

# HU-1601010201020402

## B. A. (Sem. II) (CBCS) (W.E.F. 2016) Examination

**May - 2023**

## Gujarati (Optional-1)

*(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨)*

***(Old Course)***

Time : $2\frac{1}{2}$ / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**1** નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. **14**

''ઉદારતા, સત્ય, સંપ, દયા, પ્રેમ આદિ અનેક સદ્‌વૃત્તિઓની અપેક્ષા છે. એમ વારે વારે કહેવાય છે. તેમાં મુખ્ય વાત એટલી જ છે કે એ બધી વૃત્તિઓના પ્રભાવ વિના આ જગતનો વ્યવહાર ચાલે નહિ. દુનિયામાં માણસ રહી શકે નહિ, કદાપિ સુખી થઈ શકે નહિ, જેનાથી માણસ-માણસનો સંબંધ વધે, માણશને પ્રીતિની ગાંઠ બંધાય, અને તેમ થવાથી સર્વત્ર સુખ અને લાભ ફેલાય, એવી જે વૃત્તિઓ છે તે બધીને કેળવણી તથા તેનાથી ઊલટી વૃત્તિઓને જેમ દૂર કરાય તેમ કરવી. સર્વનો પ્રેમ સંપાદન કરવા માટે સર્વના માનને પાત્ર થવા માટે, સર્વનો વિશ્વાસ સંપાદન કરવા માટે ઉદારતા જેવો એક પણ ગુણ નથી. ઉદારતામાંથી અનેક સારા ગુણો પેદા થાય છે, અને આખી સદ્‌વૃત્તિ બાંધવાનું મુખ્ય ધોરણ ઉદારતારૂપી ગુણમાંતી સંભવે છે.''

- મણિલાલ નભુભાઈ

**અથવા**

ખરેખર સુખ અને દુઃખ બંને મનની નિશ્ચિત અને અનિશ્ચિત વૃત્તિઓ ઉપર જ અવલંબી રહ્યાં છે. અમુક બાહ્ય સ્થિતિ એ સુખ કે દુઃખનું કારણ છે જ નહીં, પણ એ બાહ્ય સ્થિતિથી પર આત્મામાં મનનો મુકામ થતા અને જામી જતાં સુખ સિવાય અંદર કે બહાર કશું જ અન્ય દેખાતું નથી. આખું જગત - અરે અગણિત બ્રહ્માંડો બધાં - મળીને મૂળમાં એક જ શરીર છે અને વ્હાલું અજ્ઞાન દૂર થતાં - જ્ઞાનની પ્રીતિ પાકી જામતાં આશા-નિરાશા બંનેથી ઉપરનો અનુભવ આવીને જીવની દૃષ્ટિએ શિવના નેત્રમાં ભેળવી દે છે, કામનામાત્ર બળી જાય છે, હળાહળ પિવાઈ જાય છે - 'વિશ્વ'નો સંહાર થાય છે અને બ્રહ્મની જ્યોતમાં 'વિશ્વ' લય પામે છે. શિવજીનું એ સ્વરૂપ છે.

- જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી

2 નીચે પૈકી કોઈપણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : 14

ધર્મના નામે જેટલાં યુદ્ધો, લડાઈઓ, ઝઘડાઓ થયા છે, તેટલાં અન્ય કશાયે નામે થયાં નથી. ધર્મ એટલે શું? એ ભાગ્યે જ યથાર્થ અર્થમાં જગતને, જગતના સામાન્ય માણસને સમજાયું હશે! બાહ્યાચાર કાંઈ ધર્મ નથી. સાંપ્રદાયિકતા પણ ધર્મ નથી. સંગઠિત થઈને સરખો વેશ ધારણ કરવો કે સરખી ક્રિયા કરવી તે પણ ધર્મ નથી. ધર્મ મનુષ્યને અગ્નિદાહ દેવામાં કે કબ્રસ્તાનમાં દાટવામાં જ ચરિતાર્થ થતો નથી. બાહ્ય પરંપરા સાથે ધર્મને કોઈ સંબંધ નથી. ધર્મ કોઈને ધિક્કાર કરવાનું ક્યારેય શીખવતો નથી. ખરો ધર્મ હ્રદય ધર્મ છે. ધર્મ બહાર નથી, અંદર છે. ધર્મ અનુભવનો વિષય છે.

**અથવા**

માત્ર શાંતિ નહિ, સમૃદ્ધિ પણ માનવને જોઈએ છે. આપણાં શાસ્ત્રોમાં તેથી શાંતિ, તૃષ્ટિ અને પૃષ્ટિ એમ ત્રણેને સાથે મૂકવામાં આવ્યાં છે. શાંતિ કબ્રસ્તાનમાં ક્યાં નથી હોતી? યુદ્ધની ભેરીનો અવાજ બંધ થાય તે સાથે નિર્માણનાં ગીતોનું ગુંજન શરૂ થાય તે પણ જરૂરી છે. આજની દુનિયામાં અનાજની ખોટ નથી અને છતાં ભૂખમરો છે. નદીકાંઠે કોઈ તરસે મરે, કારણ કે તેને તરતાં નથી આવડતું, એવી આજની દુનિયાની સ્થિતિ છે. માનવ ભૂખે મરે છે, કારણ કે તેને જીવતાં નથી આવડતું. અણુબોમ્બથી માણસ ગભરાય છે, કારણ કે આતમબોમ્બની શક્તિનો આવિર્ભાવ હજી તેને નથી થયો. જીવનવિકાસની યોજના કરવાને બદલે મરણના આયોજનની હરીફાઈમાં એ પડ્યો છે. કોઈની ઠાઠડી લાંબી થશે એવી હરીફાઈ કોઈ દિવસ ડાહ્યા માણસો નથી કરતા. મારા દેશનું લશ્કર મોટું છે, એવી બડાશ મારનારાઓ આવી જ હાસ્યાસ્પદ હરીફાઈમાં પડ્યા છે. પોતાના દેશના લોકોને ભૂખે મારીને બીજા દેશના લોકોને ડરાવવા માટે અણુબોમ્બ બનાવવા સુધી માણસ પહોંચ્યો છે, ત્યારે પ્રશ્ન થાય કે આનો અંત ક્યારે અને શી રીતે લાવવો? શિક્ષણ સિવાય આ નહીં મટે, એવાં બાળકો કેળવવાં જોઈએ કે જે યુદ્ધ માત્રને સહન ન કરે.

- ગુણવંત શાહ

3 વિરામચિહ્ન એટલે શું? વિરામચિહ્નના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો. 14

**અથવા**

3 નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફરીથી લખો : 14

આ શિખામણ સાથે અમે તો એક ગામમાં પેઠા ત્યાં નગર-શેઠનો જુવાનજોધ દીકરો ગુજરી ગયેલો તેની ઠાઠડી સામે મળી આખા ગામમાં હાહાકાર પણ આપણે તો શિખામણ પ્રમાણે બોલવા લાગ્યા એક મૂકીને બીજું લાવો એક મૂકીને બીજું લાવો.

4 દ્વંદ્વ અને બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. **14**

**અથવા**

4 કર્મધારય અને ઉપપદ સમાસની વ્યાખ્યા આપી સદૃષ્ટાંત સમજાવો. **14**

5 (અ) નીચેનામાંથી કોઈ પણ સાત રૂઢિપ્રયોગના અર્થ સમજાવો : **7**

| | |
|---|---|
| (1) બે પાંદડે થવું | (8) કળ વળવી |
| (2) હાથ કાળા કરવા | (9) કરમ ફૂટેલા હોવા |
| (3) લોહીનું પાણી કરવું | (10) નાક કપાવું |
| (4) ઉચાળા ભરવા | (11) છળી મરવું |
| (5) ધૂલ ઉપર લીંપણ | (12) કોઠે પડવું |
| (6) દળી દળીને કુલડીમાં | (13) બારે મેઘ વરસવા |
| (7) અદબ તોડવી | (14) વાત ગળે ઊતરવી |

(બ) નીચેનામાંથી કોઈ પણ સાત કહેવતોનો અર્થ સમજાવો : **7**

(1) અધૂરો ઘડો છલકાય ઘણો
(2) નાચવું નહીં ને આંગણું વાંકુ
(3) ભાવતું હતું ને વૈદે કહ્યું
(4) નમે તે સૌને ગમે
(5) મોરનાં ઈંડા ચીતરવા ન પડે
(6) નાનો પણ રાઈનો દાણો
(7) લાલો લાભ વિના લોટે નહીં
(8) તેલ જુઓ તેલની ધાર જુઓ
(9) આપ ભલા તો જગ ભલા
(10) ડાંગે માર્યા પાણી જુદાં ન પડે
(11) કૂવામાં હોય તો હવાડામાં આવે
(12) ખાડો ખોદે તે પડે
(13) સાપ ગયા ને લિસોટા રહ્યા
(14) લીલા વનના સૂડા ઘણા

---